# કારકિર્દી સલાહકાર / પરામર્શકર્તા

કારકિર્દી સલાહકાર વિદ્યાર્થીઓ, નોકરી વાંચ્છુઓ અને વ્યાવસાયિકોને તેમની કારકિર્દીના લક્ષ્યો સુધી પહોંચવા માટે જરૂરી સહયોગ અને માર્ગદર્શન પૂરું પાડે છે. તેઓ તેમના ગ્રાહકોને નક્કર કામગીરી, શિક્ષણ અને જીવનને લગતા નિર્ણયો લેવા માટે સ્વયંને અને દુનિયાને સમજવામાં મદદરૂપ બને છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે બધા સાથે આરામથી વાત કરી શકો છો
- તમે મનોવિજ્ઞાનમાં રૂચિ ધરાવો છો
- લોકોને મદદ કરવી તમને ગમે છે
- તમને શીખવવું કે તાલીમ આપવી પસંદ છે



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૭,૦૦૦ થી ૧,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો. (મનોવિજ્ઞાનના વિષય સાથે ઈચ્છનિય છે પરંતુ ફરજિયાત નથી.)

૨. કોઈપણ વિષયમાં સ્નાતકની ડિગ્રી મેળવો. મનોવિજ્ઞાનમાં ઓનર્સની ડિગ્રી ઈચ્છનિય છે.

**અથવા**

૩. કારકિર્દી માર્ગદર્શન અને કાઉન્સેલિંગ (પરામર્શ) અથવા કાઉન્સેલિંગ સાયકોલોજીમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

કારકિર્દી સલાહકારનું અંદાજીત માસિક વેતન **રૂ. ૮,૦૦૦ થી ૫૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત:https://www.ambitionbox.com/profile/career-counsellor-salary/

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** માધ્યમિક શાળાઓ (મોટેભાગે ખાનગી), કોલેજો અને યુનિવર્સિટીઓ, કોર્પોરેટ, શાળાઓ સિવાયના શિક્ષણ સેવા પ્રદાતાઓ, કારકિર્દી પરામર્શ સંસ્થાઓ.

**ઉદ્યોગ સાહસિકતા:** તમે ફ્રીલાન્સ સેવા આપી શકો છો અથવા કારકિર્દી માર્ગદર્શન અને સહયોગ પુરો પાડીને તમારો પોતાનો વ્યવસાય શરૂ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** મુખ્યત્વે તમે શિક્ષણ સંસ્થાઓ, કારકિર્દી કેન્દ્રોમાં કામ કરશો અથવા તમારી પોતાની ખાનગી સેવાઓ આપશો. તમારી પાસેથી પૂર્ણ સમય કામ કરવાની અને જુદા જુદા ગ્રાહકોને સંભાળવાની, તેમને પરામર્શ આપવાની અપેક્ષા રાખવામાં આવે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

મદદનીશ કારકિર્દી સલાહકાર → કારકિર્દી સલાહકાર → મુખ્ય કારકિર્દી સલાહકાર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

કરિઅર કાઉન્સેલર, સ્ટુડન્ટ કાઉન્સેલર, એજ્યુકેશન કાઉન્સેલર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ મનોવિજ્ઞાન વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. એસ.એન.ડી.ટી. મહિલા યુનિવર્સિટી, મુંબઈ
૨. લેડી શ્રી રામ કોલેજ ફોર વુમન, નવી દિલ્હી
૩. એમ.એસ.યુ., વડોદરા
૪. ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમિનિટી એન્ડ સોશિયલ સાયન્સ, આઈ.આઈ.ટી., દિલ્હી
૫. ઈન્દ્રપ્રસ્થ કોલેજ ફોર વુમન
૬. કે.એસ.કે.વી.કે.યુ., કચ્છ
૭. ગવર્મેન્ટ આર્ટસ કોલેજ, અમદાવાદ
૮. મહિલા કોલેજ, અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી, અલીગઢ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. ક્રાઈસ્ટ યુનિવર્સિટી, બેંગલુરૂ
૨. સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૩. કે. જે. સોમૈયા કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સ, મુંબઈ
૪. ફર્ગ્યુસન કોલેજ, પુણે
૫. એલ.ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૬. રાજીવ ગાંધી રાષ્ટ્રીય યુવા વિકાસ સંસ્થા, તામિલનાડુ
૭. ભરથિયાર યુનિવર્સિટી, કોઈમ્બતુર
૮. ભારતીય મનોવૈજ્ઞાનિક સંશોધન સંસ્થા, બેંગલુરૂ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**ભારતી ત્રિવેદી** પ્રખર અને ઉત્સાહી ગ્રાફોલોજીસ્ટ અને કારકિર્દી સલાહકાર છે. તેણી વિદ્યાર્થીઓ અને યુવાનોને સફળ ભવિષ્ય તરફ માર્ગદર્શન આપવા માટે પોતાના જ્ઞાન અને અનુભવને તેમની વચ્ચે વહેંચવામાં માને છે. તેણી વિવિધ પ્રમાણપત્રો સાથે એખ સમૃદ્ધ શૈક્ષણિક પૃષ્ઠભૂમિ ધરાવે છે. જેમ કે; બી.કોમ., યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા દ્વારા પ્રમાણિત ગ્લોબલ કરિયર કાઉન્સેલર, લોસ એન્જલસ એક્સ્ટેંશન (યુ.સી.એલ.એ. એક્સ્ટેંશન) અને યુનિવૈરાયટી દ્વારા ગ્રીન બેલ્ટ સર્ટિફાઈડ કાઉન્સેલર. ૨૫ વર્ષથી વધુ સમયથી વિભિન્ન પ્રકારના લોકો સાથે પરામર્શ કરીને તેમની સમસ્યાઓ ઉકેલવાના વ્યવહારિક અનુભવ સાથે, ભારતીએ વિદ્યાર્થીઓ અને માતા-પિતા સાથે વાતચીત કરવાની કુશળતા પ્રાપ્ત કરી છે. *

સ્ત્રોત: https://yourstory.com/mystory/top-ten-career-counsellors-in-india-for-career-cou-bo10scxwp9

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.